# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) **કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુ અમદાવાદ વિમાનમથક પર થી હબ એન્ડ સ્પોક આંતર-રાષ્ટ્રીય ઉડાન સેવાઓનો પ્રારંભ કરાવ્યો**

2) પંચાયત કાર્યશાળામાં નિયમો સમજી ગુણવત્તાસભર કામો કરવા જનપ્રતિનિધિઓને મુખ્યમંત્રીની તાકીદ

3) ભારતીય રેલવેએ રાજ્યમાં 125 કરોડ રૂપિયાના ભાવનગર પરા યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટને મંજૂરી આપી

4) ઓગસ્ટ-2026માં રાજ્યની વસ્તુ અને સેવા કર- GST આવકમાં 28 ટકાનો વધારો નોંધાયો

5) વાણિજ્યિક LPG ગેસ સિલિન્ડરના ભાવમાં આજથી 9 રૂપિયાનો વધારો

6) છોકરાઓની સબ-જૂનિયર આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધામાં અમદાવાદ અને ગાંધીનગરની ટીમ ફાઇનલમાં પહોંચી

-----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# REV AHMEDABAD AIRPORT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ એ આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર હબ ઍન્ડ સ્પૉક આંતર-રાષ્ટ્રીય ઉડાન સેવાઓનો પ્રારંભ કરાવ્યો. ઍર ઇન્ડિયા દ્વારા સંચાલિત પહેલી ઈઝી કનેક્ટ સેવા ઉડાન એઆઈ-1121 અમદાવાદથી રવાના થશે. આ ઉડાન દિલ્હી થઈ વિશ્વભરના વિવિધ સ્થળ પર યાત્રી સેવા ઉપલબ્ધ કરાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

આ પહેલ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની દેશભરમાં 44 વિમાનમથકને સુવ્યવસ્થિત હબ ઍન્ડ સ્પૉક ગ્રિડમાં સંકલિત કરવાની વ્યાપક યોજનાનો ભાગ છે. તેમાં ચાર મુખ્ય ટ્રાન્ઝિટ હબ અને 40 પ્રાદેશિક ફિડર સ્પૉક સામેલ છે. તેનો ઉદ્દેશ મુસાફરીને સરળ બનાવવા , વિમાન કંપનીઓની સંચાલન ક્ષમતાને વધારવા અને ભારતને એક અગ્રણી વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર તરીકે વિકસિત કરવાનો છે.

# PANCHAYAT KARYASHALA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિયમો સમજી ગુણવત્તાસભર કામો કરવા જનપ્રતિનિધિઓને તાકીદ કરી છે. ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે આજે નવનિયુક્ત પંચાયત પદાધિકારીઓ માટેની 'પંચાયત સંસ્કરણ કાર્યશાળા'નો પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું કે પંચાયતમાં પદાધિકારી કે પક્ષ બદલાય છતાં , જનહિતનાં તમામ કામો નિરંતર ગતિથી પૂર્ણ કરવા એ વર્તમાન પદાધિકારીઓનું કર્તવ્ય છે. બીજી તરફ આજે યોજાયેલી કાર્યશાળામાં પ્રશ્નોના નિરાકરણ અને વહીવટી વિષયો પર તાલીમ અપાઈ હોવાનું પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

**(BYTE: RISHIKESH PATEL, PANCHAYAT MINISTER)**

*પંચાયતી રાજ્યમાં મળેલા નાણાઓનો સદ્દપયોગ કરી ગ્રામ પંચાયતથી લઈ અને જિલ્લા પંચાયત સુધીમાં એક ત્રિ સ્તરીય આપણું પંચાયતી માળખાને સશક્ત બનાવવા માટે કેટલા જરૂરી છે. રાજ્યનો પણ વિકાસ થાય એ દિશામાં એ જનપ્રતિનિધિઓના એક શિક્ષણનો અથવા તો એમની સાથેનો આ જે સંવાદ એ સંવાદ આગામી સમયમાં બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓને ખૂબ ફ્રૂટફુલ નીવડવાનો છે.*

આ કાર્યશાળામાં ત્રિસ્તરીય પંચાયતી રાજના 70 મહિલા પ્રતિનિધિ સહિત કુલ 188 પદાધિકારીઓએ ભાગ લીધો.

# CM CHEQUE DISTRIBUTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના 2023-24 - 2024-25ના વર્ષના કુલ 15.37 કરોડ રૂપિયાના ચેક ગાંધીનગરમાં અર્પણ કરાયા હતા. મુખ્યમંત્રીને આ ડિવિડન્ડ ચેક કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારા અને કૃષિ ખેડૂત કલ્યાણના અગ્ર સચિવ આર.સી. મીણાએ અર્પણ કર્યા હતા. રાજ્ય સરકારનું આ સાહસ લગભગ 1156 જેટલા એગ્રી બિઝનેસ સેન્ટર્સના માધ્યમથી ખેડૂતોને ફર્ટિલાઇઝર- નોન ફર્ટિલાઇઝર એગ્રો ઈનપુટનું વેચાણ કરે છે

આ નિગમ રાજ્યમાં 1969થી ઉચ્ચ ગુણવત્તાવાળા ખાતરના સીધા વિતરણ, કૃષિ મશીનરી-ટુલ્સનું ઉત્પાદન અને વહેંચણી તેમજ એગ્રો પ્રોડક્ટ્સના પ્રોસેસિંગ ઉદ્યોગોની સ્થાપના અને કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભા કરવાના મુખ્ય ઉદ્દેશ્યો સાથે કાર્યરત છે.

# SURAT HOTMIX

સુરતમાં ઔદ્યોગિક શ્રેણીમાં આવતા હોટફિક્સ કચરાનો ઉકેલ શોધવા રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ આજે મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજી. બેઠકમાં તેમણે આવા કચરાના નિકાલ માટે મહાનગરપાલિકાને અલગ પ્લોટની ફાળવણી કરવા સૂચન કર્યું.

## (BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE)

*એક પ્લોટની અંદર આ કચરાને પ્રેસરથી ભેગો કરીને અને રિસાઇકલિંગ તો થતું જ નથી. કોઈની રોજી પણ નહીં જાય , કોઈને નુકસાન પણ ન થાય એ હેતુસર આ જ્યાં સુધી પ્લોટ ફિક્સ કરે એમાં આ કચરો લઈ જવાનો ત્યાં સુધી આપણે સ્ટે-ઓર્ડર રાખીશું. કોર્પોરેશન દ્વારા કામગીરી થઈ રહી છે અને ટૂંક સમયમાં આનો નિરાકરણ લાવવા માટેનો પ્રયાસ ટીમ મેયર , સ્ટેન્ડિંગ ચેરમેન અને કોર્પોરેશનના અધિકારીઓ કરી રહ્યા છે.*

શહેરના પુણા-સીમાડા, સરથાણા, વરાછા, લિંબાયત અને કતારગામ વિસ્તારોમાં ઉદ્ભવેલી પ્લાસ્ટિક તેમજ હોટફિક્સ કચરાની સમસ્યાનું નિવારણ જરૂરી બન્યું છે.

# RAILWAYS - GUJARAT

ભારતીય રેલવેએ રાજ્યમાં 125 કરોડ રૂપિયાના ભાવનગર પરા યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. રેલવે મંત્રાલયે માહિતી આપી હતી કે આ પ્રોજેક્ટ ભાવનગરમાં રેલવે માળખાને મજબૂત બનાવશે , ભાવનગર પરા ખાતે વધારાની સંચાલન ક્ષમતાનું નિર્માણ કરશે અને મુસાફરો માટે સુવિધાઓમાં સુધારો કરશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , આ પ્રોજેક્ટમાં બે રોડ અંડર બ્રિજનો પણ સમાવેશ થશે, જેમાં એક નવો બ્રિજ અને એક હાલના બ્રિજનું વિસ્તરણ , સર્વિસ બિલ્ડિંગ્સ અને સંકળાયેલ ઇલેક્ટ્રિકલ અને સિગ્નલિંગ કાર્યોનો સમાવેશ થશે. ભાવનગર ટર્મિનસ પર ભીડ ઓછી કરીને અને વધારાની ટર્મિનલ ક્ષમતા બનાવી , આ પ્રોજેક્ટ સરળ અને વધુ સમયસર ટ્રેન સંચાલનને ટેકો આપશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# GST REVENUE

ઓગસ્ટ-2026માં રાજ્યની વસ્તુ અને સેવા કર- GST આવકમાં 28 ટકાનો વધારો નોંધાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર ગત મહિને રાજ્યને GST હેઠળ 8 હજાર 312 કરોડ રૂપિયાની આવક થઈ છે. જ્યારે ગત વર્ષે આ જ સમયગાળામાં 6 હજાર 470 કરોડ રૂપિયાની આવક થઈ હતી. નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ પાંચ માસમાં રાજ્યને GSTની કુલ 41 હજાર 691 કરોડ રૂપિયાની આવક થઈ છે.

આ ઉપરાંત ગત મહિને મૂલ્યવર્ધિત કર-વેટ હેઠળ 3 હજાર 47 કરોડ , વિદ્યુત શુલ્ક હેઠળ એક હજાર 125 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 22 કરોડની આવક થઈ છે.

# SUGAR SUPPLY

**વાજબી ભાવના દુકાનદારો માટે ખાંડના વિતરણ અને ચલણ ભરવાની મુદત ત્રીજી સપ્ટેમ્બર સુધી વધારવામાં આવી છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું કે ચાલુ મહિને રાજ્યમાં કુલ 4 હજાર 500 મેટ્રીક ટન ખાંડની ફાળવણી કરવામા આવી છે.**

**(BYTE: RAMANBHAI SOLANKI, MINISTER)**

*જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા બીપીએલ પરિવાર અને અંત્યોદય પરિવારને દર માસિક ખાંડનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ ઓગસ્ટ મહિનામાં તહેવારોને ધ્યાનમાં રાખીને 7100 મેટ્રિક ટન જેટલી ખાંડ નું વિતરણ કરવામાં આવેલું છે. જે જરૂરિયાતમંદ પરિવાર જે છે એને તમામ તહેવારોને સીઝનમાં ધ્યાનમાં રાખીને પણ એને ખાંડ ઉપલબ્ધ કરવામાં આવશે.*

# COMMERCIAL LPG PRICE

વાણિજ્યિક LPG ગેસ સિલિન્ડરના ભાવમાં આજથી 9 રૂપિયાનો વધારો થયો છે. સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા મહિનાના પહેલા જ દિવસે 19 કિલોગ્રામના વાણિજ્યિક ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર 9.50 રૂપિયાથી 12 રૂપિયા સુધીનો વધારો કરાયો છે. જોકે ઘરેલુ ઉપયોગમાં આવતા 14.2 કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ગેસ સિલિન્ડર મોંઘો થવાથી રેસ્ટોરાં , ઢાબા અથવા કેટરિંગ સેવા ચલાવતા વાણિજ્યિક શ્રેણીના ગ્રાહકો પર બોજ પડશે.

# VIDHANSABHA SESSION

**રાજ્યની વિધાનસભાનું સત્ર 9મી સપ્ટેમ્બરથી યોજાશે. રાજ્યપાલ દ્વારા ગુજરાત વિધાનસભાના નવમા સત્રને તારીખ 8મી સપ્ટેમ્બરના રોજ મળવા આહવાન કરાયું હતું. તેમાં ફેરફાર કરી હવે નવમું સત્ર તારીખ 9 ,10 અને 11 સપ્ટેમ્બરે કુલ ત્રણ દિવસ માટે મળશે. વધુ માહિતી આપતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે આ સત્રમાં સરકારી કામકાજ , સરકારી વિધેયકો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ તેમજ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસારની કામગીરી હાથ ધરવામાં આવશે.**

**(BYTE: SHANKAR CHAUDHARY, CHAIRMAN)**

*પહેલા જે 8, 9, 10 એ ત્રણ તારીખ હતી તેના બદલે માનનીય મહામહિમ ગવર્નર શ્રીએ તારીખ 9, 10 અને 11 ત્રણ દિવસ વિધાનસભાનું સત્ર ચાલશે. પ્રશ્નોત્તરીનો અને બાકીના જે કામો હતા તે પણ જે હતા તે મુજબ જ રહેશે. પરંતુ તારીખની અંદર બદલાવ 8, 9, 10 હતો તેના બદલે 9, 10, 11 તે પ્રમાણેના રહેશે.*

# WEATHER FC

આ મહિના રાજ્યમાં વરસાદ સામાન્યથી ઓછો રહેવાની સંભાવના શક્યતા છે , જ્યારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહી શકે છે. હવામાન વિભાગના નિયામક ડૉ.એ. કે. દાસે જણાવ્યું કે રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 514 મિલિમિટર વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 14 ટકા ઓછો છે.

## (BYTE: DR. A. K. DAS, DIRECTOR)

*તટીય ક્ષેત્ર મેં આ ભી સ્ટીપ પ્રેશર ગ્રેડિએન્ટ કે કારણ ઉત્તર ગુજરાત કી જે તટીય ક્ષેત્ર હે ઇસમેં સ્ટ્રોંગ વિન્ડ રહેગા , ઇસમેં સ્પીડ રહેગા 15 સે 20 નોટ ગસ્ટિંગ સ્પીડ 25 નોટ તક જાને કા સંભાવના રહેગા. દક્ષિણ ગુજરાત કી જે તટીય ક્ષેત્ર હે ઇસમેં પવન કા દિશા રહેગા દક્ષિણ પશ્ચિમ સે પશ્ચિમ દિશા સે પવન ચલને કા સ્થિતિ બને રહેંગે અગલે 12 ઘંટા તક અને વિન્ડ રહેગા 15 સે 20 નોટ ગસ્ટિંગ સ્પીડ 25 નોટ તક રહેને કા સંભાવના રહેગા. અહમદાબાદ કે લિયે આજ કા જો પૂર્વાનુમાન દિયા ગયા હે જનરલી ક્લાઉડી સ્કાય ઓર લાઈટ રેન કા સંભાવના ભી રહેગા.*

# DIST. FOOTBALL TOURNAMENT

ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશન દ્વારા આયોજિત સબ-જૂનિયર બોયઝ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં અમદાવાદ અને ગાંધીનગર જીલ્લાની ટીમો ફાઇનલમાં પહોંચી. આજે સેમિફાઇનલ મેચમાં, અમદાવાદની ટીમે 5-4 થી વડોદરા પર જીત મેળવી જેમાં અમદાવાદની ટીમના અવિજિત પટેલે 3 તથા માનવ પટેલે 2 ગોલ કર્યા હતા. બીજી સેમિફાઇનલમાં ગાંધીનગરની ટીમે રાજકોટ પર 6-0 થી જીત મેળવી ગાંધીનગર ટીમના વિષ્ણુ કરીરના 3, રિશીત રાણા, હાર્દિક કુમાર અને દૂરવેશ પાગરે 1-1 ગોલ કરેલા. આ ટુર્નામેન્ટમાંથી ગુજરાતની રાષ્ટ્રીય ટીમના કેમ્પ માટેના 30 ખેલાડીઓ અને 5 સ્ટેન્ડ બાય ખેલાડીઓની પસંદગી કરાશે.

# UIDAI

અમરેલી જિલ્લામાં યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા ( UIDAI), પ્રાદેશિક કાર્યાલય મુંબઈ દ્વારા આજે નવા આધાર સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું . આ ASK અઠવાડિયાના 7 દિવસ કાર્યરત રહેશે . આ પ્રસંગે અમરેલી મતવિસ્તાર સાંસદ શ્રી ભરત સુતરિયા જણાવ્યું કે, અમરેલીમા આ આધુનિક ASK નાગરિકો માટે ઝડપી, વધુ અનુકૂળ અને પારદર્શક આધાર સેવાઓ સુનિશ્ચિત કરશે. ડિજિટલ ઇન્ડિયાના વિઝનને સાકાર કરવા અને આપણી રાષ્ટ્રીય પ્રભાવનો વિસ્તાર કરવા તરફ આ એક બીજી માઇલસ્ટોન છે.

# NATIONAL ATHLETICS MEET

ડાંગ જિલ્લાના સાપુતારામાં સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજય પટેલના અધ્યક્ષસ્થાને નેશનલ એથ્લેટિક્સ મીટ 2026-27નો પ્રારંભ થયો છે. જેમાં દેશના વિવિધ વિસ્તારોમાંથી જવાહર નવોદય વિદ્યાલયોની 10 રિજનલ ટીમોના કુલ 728 ખેલાડીઓ અંડર- 14, અંડર-17 અને અંડર- 19 વયજૂથની વિવિધ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે.